08

યક્ષ: માણસને શું સ્વર્ગ સુધી લઈ જાય છે? યુધિષ્ઠિર: સત્ય અને દાન

“આપણે બધા સ્વર્ગ જોઈએ છીએ…
પણ પ્રશ્ન એ છે કે —
સ્વર્ગ ક્યાં છે? અને ત્યાં પહોંચવાનો રસ્તો કયો?

“આપણે વિચારીએ છીએ —
સત્ય બોલીએ તો નુકસાન થઈ જશે,
દાન કરીએ તો આપણું ઓછું થઈ જશે.

પણ હકીકત એ છે —
સત્ય માણસને હલકો બનાવે છે
અને
દાન માણસને મોટો બનાવે છે.

દરરોજ નાના નિર્ણયોમાં સત્ય — ખોટું બિલ ન પાડવું,
ખોટું બહાનું ન બનાવવું,
કોઈને નુકસાન કરીને ફાયદો ન લેવો —
આ જ સાચું ‘સત્ય’ છે.”

એક વખત Abdul Kalam રાષ્ટ્રપતિ હતા.
તેમના સગાંઓ Delhi ફરવા આવ્યા.

સરકારી ગાડી, સરકારી ખર્ચ, ખાસ સુવિધા — બધું મળી શકતું હતું. પણ કલામ સાહેબે શું કર્યું ખબર છે?

તેમણે પોતાના પરિવારના ફરવા, રહેવા અને અન્ય ખર્ચના પૈસા પોતાની ખિસ્સામાંથી ચૂકવ્યા.

લોકોએ પૂછ્યું —
“સરકારી પદ પર છો, પછી આટલી કડકાઈ કેમ?”

કલામ સાહેબે કહ્યું —
“સરકારનો એક એક રૂપિયો જનતાનો છે.
તેનો ઉપયોગ વ્યક્તિગત કામમાં ન થવો જોઈએ.”

આ હતું સત્ય
અને પોતાનું ખર્ચ પોતે ઉઠાવવું — એ હતું દાનભાવ

સાચો મહાન માણસ એ જ,
જે પદ મોટું હોય છતાં ઈમાનદારી વધુ મોટી રાખે.

“સ્વર્ગ કોઈ જગ્યા નથી,
સ્વર્ગ એ એક સ્થિતિ છે —
જ્યાં અંતર શાંત હોય.

સત્યથી અંતર શાંત થાય
અને
દાનથી જીવન અર્થપૂર્ણ બને.”

“આજે એક સત્ય બોલજો — ભલે મુશ્કેલ હોય અને
આજે એક દાન કરજો — ભલે નાનું હોય

એ જ છે…
સ્વર્ગ તરફનું પહેલું પગલું. ✨”